## તા.૧૦ ફેબ્રુઆરી બુધવાર

**(૧) રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ**

**(૨) ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશીપ :-**

- તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલ ૧૬ મી ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશીપમાં ગુજરાત પોલીસ પ્રથમવાર ચેમ્પિયન બની.

**(૩) 'રાષ્ટ્રીય બાલશ્રી' એવોર્ડ :**

- ભારત સરકાર દ્વારા વિશિષ્ટ પ્રતિભા ધરાવતા બાળકોને આ એવોર્ડ આપવામાં આવે છે.
- ત્યા વર્ષે ઝોન રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના સ્તર સુધી આવેલી દરખાસ્તોમાંથી ૬૦ બાળકોની પસંદગી કરવામાં આવી છે.
- આ ૬૦ પૈકી ગુજરાતના બે બાળકોને પણ કેન્દ્રના માનવ સંશોધન મંત્રી સ્મૃતિ ઇરાનીના હસ્તે શિલ્ડ અને પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.
  (૧) નિસર્ગ વિક્રમભાઇ મહેતા – સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ કરાયા હતા.
  (૨) પ્રિયાંશ ફળદુ : સર્જનાત્મક વૈજ્ઞાનિક નવપ્રવર્તન માટે

**પ્રશ્નો :**

(૧) ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશીપ ક્યાં યોજાઇ હતી ?
- દિલ્હી

(૨) ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિઅનશીપ વિજેતા ?
- ગુજરાત પોલીસ

(૩) ૧૦ ફેબ્રુઆરીની વિશેષતા... ?
- રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ

(૪) રાષ્ટ્રીય બાલશ્રી એવોર્ડ કોના દ્વારા અપાય છે ?
- ભારત સરકાર

(૫) વર્ષ-૨૦૧૬માં કેટલા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય બાલશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા ?
- ૬૦

(૬) રાષ્ટ્રીય બાલશ્રી એવોર્ડ વિજેતા ગુજરાતી વિદ્યાર્થીઓ ?
- (૧) નિસર્ગ મહેતા (૨) પ્રિયાંશ ફળદુ

## તા.૧૧ ફેબ્રુઆરી ગુરૂવાર

**(૧) મેઈક ઇન ઇન્ડિયા અને સ્ટાર્ટઅપની સમજ આપતું રાજ્યનું પ્રથમ કેન્દ્ર :**

- રાજ્ય સરકારના ઉદ્યોગ સાહસિકતા વિકાસ કેન્દ્ર દ્વારા જૂનગાઢ ખાતે મેઇક ઇન ઇન્ડિયા અને સ્ટાર્ટઅપ ઇન્ડિયાની સમજ અને માર્ગદર્શન આપતું રાજ્યનું પ્રથમ કેન્દ્ર શરૂ કરાયું.

**(૨) દેશનું પ્રથમ એવિએશન પાર્ક :-**

- દેશનું પ્રથમ એવિએશન પાર્ક અમદાવાદ નજીક બગોદરા ખાતે કરવામાં આવશે.
- રાજ્ય સરકાર દ્વારા પીપીપી (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ) મોડલથી તૈયાર થનારા આ એવિએશન પાર્કમાં હવાઇક્ષેત્રના સાહસીકો માટે એર સ્ટ્રીપ, ટ્રેનિંગ સ્કુલ, હેલીપેડ તેમજ એરક્રાફ્ટના રિપેરીંગ માટેના જરૂરી સ્પેરપાર્ટના ઉત્પાદન એકમો તૈયાર કરવામાં આવશે.
- પાર્કના નિર્માણ સંબંધીત સમગ્ર જવાબદારી ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (ગુજસેલ)ને સોપાઇ છે.
- આ પાર્ક ૬૦ હેક્ટર એરિયામાં તૈયાર કરવામાં આવશે જેના પ્રથમ તબક્કાની કામગીરી ૨૦૧૬-૧૭ના અંતમાં પૂર્ણ થશે.

**પ્રશ્નો :**

(૧) મેઇક ઇન ઇન્ડિયા અને સ્ટાર્ટઅપ ઇન્ડિયાની સમજ આપતું રાજ્યનું પ્રથમ માર્ગદર્શન કેન્દ્ર ?
- જૂનાગઢ

(૨) દેશનું પ્રથમ એવિએશન પાર્ક ક્યા બનશે ?
- બગોદરા, અમદાવાદ

(૩) પીપીપી મોડલથી તૈયાર થનાર એવિએશન પાર્કમાં પીપીપીનો અર્થ જણાવો.
- પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ

(૪) એવિએશન પાર્કના નિમાર્ણની જવાબદારી કોને સોપાય છે ?
- ગુજસેલ

(૫) એવિએશન પાર્ક કેટલા એરિયામાં બનાવવામાં આવશે ?
- ૬૦ હેક્ટર

## તા.૧૨ ફેબ્રુઆરી શુક્રવાર

**(૧) રાષ્ટ્રીય ઉત્પાદકતા દિવસ :**

- આ ઉપરાંત ભારતભરમાં ૧૨ ફેબ્રુઆરીથી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહ ઉજવાશે.

**(૨) હનુમંથપ્પા:**

- સિયાચીન ગ્લેશીયરમાં ૬ દિવસ સુધી બરફ નીચે દબાઇ રહેલા અને ત્યારબાદ બે દિવસ હોસ્પિટલમાં રહેલા ભારતના બહાદુર જવાન હનુમંથપ્પા કોપડેનું અવસાન.
- મદ્રાસ રેજિમેન્ટની ૧૯ મી બટાલિયનના હનુમંથપ્પા ૧૩ વર્ષ પહેલા લશ્કરમાં જોડાયા હતા.
- વતન : કર્ણાટકના ધારવાડ જિલ્લાનું બેતાહર ગામ

**પ્રશ્નો :**

(૧) ૧૨ ફેબ્રુઆરીનું મહત્વ જણાવો.
- રાષ્ટ્રીય ઉત્પાદકતા દિવસ

(૨) રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહ ક્યારે ઉજવાય છે ?
- ૧૨ થી ૧૮ ફેબ્રુઆરી

(૩) તાજેતરમાં ૬ દિવસ સુધી સિયાચીનમાં બરફ નીચે દબાઇ રહેલ શહીદનું નામ જણાવો.

- હનુમંથપ્પા કોપડે

(૪) શહીદ હનુમંથપ્પા કઇ રેજિમેન્ટના સૈનિક હતા ?
- મદ્રાસ રેજિમેન્ટ

(૫) શહીદ હનુમંથપ્પાનું વતન જણાવો.
- કર્ણાટકના ધારવાડ જિલ્લાનું બેતાહર ગામ.

# તા.૧૩ ફેબ્રુઆરી શનિવાર

**(૧) રાષ્ટ્રીય મહિલા દિવસ :-**
- ભારતના મહત્વપૂર્ણ રાષ્ટ્રીય નેતાઓમાંના એક સરોજિની નાયડુની યાદમાં આ દિવસ મનાવાય છે.
- તેમનો જન્મ ૧૩ ફેબ્રુઆરી, ૧૮૭૯ના રોજ થયો હતો.
- ૧૯૨૫માં તેઓ કાનપુર અધિવેશનમાં અધ્યક્ષ બન્યા.
- ભારતને સ્વતંત્રતા મળ્યા બાદ તેઓ ઉત્તર પ્રદેશના પહેલા રાજ્યપાલ બન્યા.
- હિન્દની બુલબુલ તરીકે જાણીતા સરોજિની નાયડુ સારા કવિયિત્રી પણ હતાં અને તેમનો પહેલો કાવ્યસંગ્રહ ‘ધ ગોલ્ડન થ્રેશહોલ્ડ’ ૧૯૦૫માં પ્રકાશિત થયો હતો.

**(૨) વિશ્વ રેડિયો દિવસ :-**
- ભારતમાં વર્ષ ૧૯૨૩માં રેડીયો ક્લબ ઓફ બોમ્બની સ્થાપના થઇ હતી.
- તેમજ વર્ષ ૧૯૩૨માં વાયરલેસ રેડિયાની શરૂઆત થઇ હતી.

**(૩) બેન્ડન મેક્કુલમ : ન્યુઝિલેન્ડ ક્રિકેટર**
- ન્યૂઝિલેન્ડ ક્રિકેટ ટીમનો કેપ્ટન અને સ્ફોટક બેટ્સમેન બેન્ડન મેક્કુલમ ટેસ્ટ પ્રવેશ બાદ સળંગ ૧૦૦ ટેસ્ટ રમનારો વિશ્વનો પ્રથમ ક્રિકેટર બન્યો.
- વેલિંગ્ટન ખાતે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ કારકીર્દિની ૧૦૦ મી ટેસ્ટ રમતાં તેણે આ સિધ્ધી નોંધાવી હતી.

**(૪) અસદ રઉફ : અમ્પાયર :-**
- પાકિસ્તાની અમ્પાયર અસદ રઉફ પર ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઇ) પાંચ વર્ષનો પ્રતિબંધ લાદી દીધો છે.
- વર્ષ ૨૦૧૩ના આઇપીએલ ફિક્સિંગમાં તેમની સંડોવણી હોવાનું ખુલતા આ નિર્ણય લેવાયો છે.

પ્રશ્નો :

(૧) રાષ્ટ્રીય મહિલા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૩ ફેબ્રુઆરી

(૨) રાષ્ટ્રીય મહીલા દિવસ કોની યાદમાં મનાવાય છે ?
- સરોજિની નાયડું

(૩) ભારત સ્વતંત્ર થયા બાદ સરોજિની નાયડું ક્યાંના પ્રથમ રાજ્યપાલ બન્યા હતા ?
- ઉત્તર પ્રદેશ

(૪) ૧૩ ફેબ્રુઆરી રાષ્ટ્રીય મહિલા દિવસ ઉપરાંત કયો દિવસ મનાવાય છે ?
- વિશ્વ રેડિયો દિવસ

(૫) ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ બાદ સળંગ ૧૦૦ મેચ રમનાર ખેલાડી ?
- બેન્ડન મેક્કુલમ

(૬) તાજેતરમાં બીસીસીઆઇ એ આઇપીએલ ફિક્સીંગ મામલે કયાં પાકિસ્તાની અમ્પાયર પર પાંચ વર્ષનો પ્રતિબંધ લાદી દિધો. ?
- અસદ રઉફ

# તા.૧૪ ફેબ્રુઆરી રવિવાર

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧